ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો-૨૦૦૫ (સુધારેલા) માં ૪૭ (૪) ની નવી જોગવાઇ કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મશબ/૨૦૦૫/૧૨૩૩/(પાર્ટ-૨)/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૧૭/૦૨/૨૦૧૨

વંચાણે લીધાઃ-

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા.૦૧/૦૨/૨૦૧૨ના પત્ર ક્રમાંકઃ મઉમશબ/ટે-૬/૫/વિનિયમ/૧૪૪૩.

ઠ રા વઃ-

આમુખ (૧) માં દર્શાવેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના તા.૦૧/૦૨/૨૦૧૨ ના પત્રથી પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો (સુધારેલા) ૨૦૦૫ માં ૪૭ (૪) ની નવી જોગવાઇ કરવા બાબતની દરખાસ્ત મળેલ હતી જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો-૨૦૦૫ (સુધારેલા) માં આ સાથેના પત્રકમાં કોલમ-૪ માં દર્શાવેલા વિનિયમ-૪૭ (૪) નવી જોગવાઇને આથી મંજૂરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અંને તેમના નામે,

BRThakkar
( બી. આર. ઠક્કર )
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

(૧) માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

(૪) સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. (સંબંધિતોને પરિપત્રિત વિનંતી સહ.)

(૫) કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજનાઅને શાળાઓ, ગાંધીનગર.

(૬) કોમ્પ્યુટર સેલ.

(૭) નાયબ સેકશન અધિકારીશ્રી,

(૮) સિલેકટ ફાઇલ.

## શિક્ષણ વિભાગના તા.૧૭/૦૨/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંકઃ મશબ/૨૦૦૫/૧૨૩૩/(પાર્ટ-૨)/છ, સાથેનું બિડાણ

| અ.નં. | વિનિયમ | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧. | ૪૭(૪) | નથી | (૧) ધોરણ-૮ પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઇ.ટી.આઇ.) નો બે વર્ષનો કે તેથી વધુ સમયગાળાનો માન્યતા પ્રાપ્ત કોર્ષ કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રીનીંગ (N.C.V.T) અથવા ગુજરાત કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (G.C.V.T) ની પરીક્ષા પાસ કરેલ હોય તેવા કોઇ ઉમેદવાર પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ ની માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષામાં ગુજરાતી તેમજ અંગ્રેજી વિષયની પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માંગતો હોય તો તે માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષામાં પૃથ્થક ઉમેદવાર તરીકે ગુજરાતી તેમજ અંગ્રેજી વિષયની પરીક્ષા આપી શકશે અને તે પરીક્ષા પાસ કરે તો તેને ધોરણ-૧૦ અર્થાત માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા પાસ કર્યાની સમકક્ષ ફકત શૈક્ષણિક હેતુ માટેનું પ્રમાણપત્ર બોર્ડ આપશે.<br><br>(૨) ધોરણ-૧૦ પાસ કર્યા પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઇ.ટી.આઇ.) નો બે વર્ષનો અથવા તેથી વધુ સમયગાળાનો માન્યતા પ્રાપ્ત કોર્ષ કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રીનીંગ (N.C.V.T) અથવા ગુજરાત કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (G.C.V.T) ની પરીક્ષા પાસ કરેલ હોય તેવા કોઇ ઉમેદવાર પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૨ ની ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષામાં અંગ્રેજી વિષયની પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માંગતો હોય તો તે ઉચ્ચત્તર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષામાં પૃથ્થક ઉમેદવાર તરીકે અંગ્રેજી વિષયની પરીક્ષા આપી શકશે અને તે પરીક્ષા પાસ કરે તો તેને ધોરણ-૧૨ અર્થાત ઉચ્ચત્તર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા પાસ કર્યાની સમકક્ષ ફકત શૈક્ષણિક હેતુ માટેનું પ્રમાણપત્ર બોર્ડ આપશે. |